ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : ઈએલસી-૧૦૧૭-૫૦૨(૨)-છ, તા.૧૧-૧૨-૨૦૧૭

પ્રતિ,
સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી

વિષય : **ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭**
– મતદાન/પુનઃ મતદાનના તરતના બીજા દિવસે મતદાન કર્મચારીઓને ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબકકામાં તા.૯-૧૨-૨૦૧૭ અને તા.૧૪-૧૨-૨૦૧૭ ના રોજ યોજવામાં આવનાર છે. તા.૯-૧૨-૨૦૧૭ ના રોજ શનિવારનો દિવસ છે અને તેના તરત પછીનો દિવસ રવિવારનો રજાનો દિવસ આવે છે, પરંતુ બીજા તબકકાનું મતદાન તા.૧૪-૧૨-૨૦૧૭ ના રોજ ગુરૂવાર છે અને તેના બીજા દિવસે શુક્રવારનો દિવસ કામકાજનો દિવસ છે.

સામાન્ય રીતે મતદાન સ્ટાફ ચૂંટણીના દિવસે મતદાન પૂરૂં થયા બાદ રીસીવીંગ સેન્ટર પર રાત્રે મોડા સુધી ફરજો બજાવતા હોય છે અને જો અંતર વધુ હોય તો વહેલી પરોઢનો સમય જતો હોય છે, જેથી તેઓ મતદાનના તરતના બીજા દિવસે તેઓની સામાન્ય ફરજ ઉપર પહોંચી શકતા નથી.

આથી સૂચના આપવામાં આવે છે કે તા.૧૪-૧૨-૨૦૧૭ ના રોજ બીજા તબકકાનું મતદાન જયાં યોજાનાર છે તેના બીજા દિવસે એટલે કે તા.૧૫-૧૨-૨૦૧૭ને પણ ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણવાનો રહેશે અને તે દિવસે ચૂંટણી ફરજ પરના મતદાન સ્ટાફને તેઓની મૂળ જગ્યાએ ફરજો બજાવવાની રહેતી નથી. આ દિવસને ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણી તેઓને તેમની સામાન્ય ફરજ ઉપરની હાજરીમાંથી મુકિત આપવાની રહેશે. જયાં પુનઃમતદાન યોજાય તેવા કિસ્સાઓમાં પણ જો મતદાનના બીજા દિવસે ચાલુ દિવસ હોય તો તેવા કિસ્સામાં પણ આ જોગવાઈ લાગુ પાડવાની રહેશે.

ઉકત સૂચનાઓ સંબંધિત સર્વેના ધ્યાન પર લાવવા વિનંતી છે.

(સહી)
( અશોક માણેક )
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી,
ગુજરાત રાજય.

જા.નં. પ્રાશિ/૨/મકમ/૨૦૧૭/૨૨૦૮૮૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા. ૧૩/૧૨/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તેમજ ચૂંટણીપંચની સુચનાઓ મુજબ અમલવારી અર્થે.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
મા. અને ઉ.મા. શાળાઓ તમામ
જિ. બનાસકાંઠા

Scanned by CamScanner